P-144-5-02

# પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગેની સૂચનાઓ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૦૦/૮૦૭(૧)/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૮ /૫/૨૦૦૨

સંદર્ભ:—૧: શિક્ષણ વિભાગનો તા. ૮/૪/૯૯નો ઠરાવ ક્રમાંકઃ પીટીઆર/૧૧૯૭/સીએમ/૨૯૨૫/ક
૨:શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૦૦/૮૦૭/ક તા. ૨૭/૭/૨૦૦૦
૩:શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૦૧/૧૯૬૬/ક તા. ૨૦/૧૧/૨૦૦૧

ઠરાવઃ—

આ વિભાગના તા. ૮/૪/૯૯ના ઠરાવ ક્રમાંક : પીટીઆર/૧૧૯૭/સીએમ/૨૯૨૫/ક થી પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગે સૂચનાઓ બહાર પાડેલ છે. આ ઠરાવમાં આ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૦૦/૮૦૭/ક તા. ૨૭/૭/૨૦૦૦થી બદલી પ્રક્રિયા સરળ બનાવવાની જોગવાઈ કરી હતી. તે ઠરાવ આ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૨૦૧/૧૯૬૬/ક તા. ૨૦/૧૧/૨૦૦૧ થી મોકુફ રાખવામાં આવેલ હતો જે આથી રદ કરવાનું ઠરાવવામાં આવે છે અને તેના બદલે હવે પ્રાથમિક શિક્ષકોની બદલીઓ માટે નીચે દર્શાવ્યા પ્રમાણે કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧) સંદર્ભ (૧) ના ઠરાવના નિયમ—૬ ને બદલે નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવે છે.**

નિયમ—૬

પ્રાથમિક શિક્ષકોની બદલીઓમા નીચેની વિગતે પાંચ વર્ષના બાધ સિવાય નીચેના કિસ્સામાં અગ્રતા આપવાની રહેશે.

ક. વિધવા શિક્ષિકાઃ (વિધવા હોવા બાબતનું રૂ. ૨૦ના સ્ટેમ્પ ઉપર સોગંદનામું તથા પતિના મૃત્યુનો દાખલો રજૂ કરવો.)

ખ. અપંગ શિક્ષક/શિક્ષિકાઃ (૭૦% કે તેથી વધુ અપંગતાનું પ્રમાણપત્ર ધરાવતા શિક્ષકોને જ અગ્રતાનો લાભ આપવાનો રહેશે.)

ગ. પ્રાથમિક શિક્ષક દંપતિઃ (લગ્ન અંગેનો લગ્ન નોંધણી રજીસ્ટારનો દાખલો મેળવવાનો રહેશે.)

નોંધઃ(૧) ઉપરનો અગ્રતાનો લાભ સમગ્ર નોકરી દરમ્યાન એક જ વાર મળવાપાત્ર થશે. આ બાબતની ચોકસાઈ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરી લેવાની રહેશે.

(૨) જો પતિ કે પત્નિ વિદ્યા સહાયક હોય તો પણ પ્રાથમિક શિક્ષકને અગ્રતા આપવાની થશે.

(૩) વિદ્યાસહાયક/શિક્ષક દંપતીએ દંપતી હોવા અંગે લગ્ન નોંધણી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૪) જિલ્લા બહારના દંપતિના કિસ્સામાં બદલી વિદ્યાસહાયકની નહિ પરંતું પ્રાથમિક શિક્ષક ની જ કરવાની રહેશે.

પ/૧૪૪/૦૨-૦૩/૩૦૦-૩

(૨) સંદર્ભ(૧)ના ઠરાવ ના નિયમ–૧૧–અ માં નીચે પ્રમાણે જોગવાઈ દાખલ કરવામાં આવે છે.
નિયમ–૧૧(અ)

એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, નિવૃત્તિ નજીક કોઈ શિક્ષક દ્વારા વતનનો લાભ માંગવામાં આવે ત્યારે તે સ્થળે જગ્યા ખાલી હોય અથવા એક જ સ્થળે પંદર વર્ષ રહેલ હોય તેવા શિક્ષક બદલી ઈચ્છતા હોય તો તેમને તે જગ્યાએ બદલી માટે અગ્રતા મળશે. પંદર વર્ષવાળા શિક્ષકોને ફરજિયાત બદલવાના નથી.

(૩) સંદર્ભ –૧ ઠરાવના નિયમ–૧૯ ની જોગવાઈમાં નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવે છે.
નિયમ–૧૯

સદર નિયમમાં " શિક્ષકોની અરજીઓની" ને બદલે " શિક્ષકોની માંગણીઓની અરજી" એ મુજબ શબ્દો વંચાણે લેવાના રહેશે.

(૪) સંદર્ભ (૧)ના ઠરાવ ના નિયમ– ૧૮ ને બદલે નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવે છે.
નિયમ–૧૮

(અ) બે અલગ અલગ તાલુકામાં નોકરી કરતા પતિ પત્નિ ભેગાં થવા માટે કોઈ એક ગામમાં બદલી માટે માંગણી કરે અને નિયત ધારા ધોરણ મુજબ બદલી થઈ શકે તેમ ન હોય તો તેમને સૌથી વધુ ખાલી જગ્યાવાળા ગામમાં બંન્નેને એક સાથે મુકવા આ અંગેનો વિકલ્પ કેમ્પમાં મેળવવાનો રહેશે. આવી બદલીઓ માત્ર બદલી કેમ્પમાં કરવાની રહેશે.

(બ) એક જ તાલુકામાં પતિ –પત્નિ ભેગા થવા માટે કોઈ એક ગામમાં બદલી ની માંગણી કરે અને નિયત ધારા ધોરણ મુજબ બદલી થઈ શકે તેમ ન હોય તો તેમને તે જ તાલુકાની સૌથી વધુ ખાલી જગ્યાવાળી શાળામાં બંન્નેને સાથે મુકવાના રહેશે અને આવી બદલીઓ માત્ર બદલી કેમ્પમાં કરવાની રહેશે.

(૫) સંદર્ભ–૧ના ઠરાવના નિયમ–૨૧ ને બદલે નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવે છે.
નિયમ–૨૧

જિલ્લામાં, તાલુકા ફેર અરસ પરસ બદલી માટે જિલ્લા ફેરની અરસ પરસ બદલીની સૂચનાઓ લાગુ પડશે અને તાલુકા અરસ પરસ બદલીનો લાભ સેવા કાળ દરમ્યાન માત્ર એક જ વાર મળશે. અરસ પરસ બદલી માટે પાંચ વર્ષની જોગવાઈઓનો બાધ નડશે નહિ. શહેર/જિલ્લા/તાલુકામાં ત્રણે અરસ પરસ બદલી માટે પાંચ વર્ષની જોગવાઈનો બાધ નડશે નહિ પરંતુ નિવૃત્તિનો પાંચ વર્ષ કે ઓછો સમય બાકી હોય તો અરસ પરસનો લાભ મળશે નહિ.

(૬) સંદર્ભ(૧)ના ઠરાવના નિયમ–૨૩(બ) ને બદલે નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવે છે.
નિયમ–૨૩(બ)

ફકત શિક્ષક/શિક્ષિકા, પતિ પત્નિ તથા તેમના સંતાનો જો નીચે જણાવેલ અસાધ્ય અનને ગંભીર રોગોથી પિડાતા હોય તેવા કિસ્સામાં આ બદલી કરવાની મંજૂરી આપવાની સત્તા ફકત સરકાર કક્ષાએ રહેશે.

અસાધ્ય રોગો

૧. કેન્સર

૨. હદય રોગ જેમાં બાયપાસ સર્જરી અને હદય/વાલ્વની બિમારીનો સમાવેશ.

૩. મૂત્રપિંડ બિમારીની ગંભીર સમસ્યા

નોંધ:– આ અંગે સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્ર ઉપરાંત શિક્ષકે બિમારી સબબ લીધેલી રજાનો પુરાવો, દવાના પ્રિસ્ક્રીપ્શન અને દવાના બીલો તથા મેડીકલ ચેકઅપ અંગેનો રીપોર્ટ રજૂ કરવાની રહેશે. ઉપરોકત વિગતોની ચકાસણી કર્યા બાદ મંજૂરી આપવાની રહેશે.

**(૭) સંદર્ભ–૧ના ઠરાવના નિયમ–૨૫માં નીચે પ્રમાણે જોગવાઈ દાખલ કરવામાં આવે છે.**
**નિયમ–૨૫(અ)**

જિલ્લા ફેરબદલીઓમાં નીચેની વિગતે પાંચ વર્ષના બાધ સિવાય અગ્રતા આપવાની રહેશે.

ક. <u>વિધવા શિક્ષિકાઃ</u> ( વિધવા હોવા બાબતનું રૂા. ૨૦ના સ્ટેમ્પ ઉપર સોગંદનામું તથા પતિના મૃત્યુનો દાખલો રજૂ કરવો.)

ખ. <u>અપંગ શિક્ષિક/ શિક્ષિકાઃ</u> (૭૦% કે તેથી વધુ અપંગતાનું પ્રમાણપત્ર ધરાવતા શિક્ષકોને જ અગ્રતાનો લાભ આપવાનો રહેશે.)

ગ. <u>પ્રાથમિક શિક્ષક દંપતિઃ</u> (લગ્ન અંગેનો લગ્ન નોંધણી રજીસ્ટ્રારનો દાખલો મેળવવાનો રહેશે.)

સંદર્ભ :(૧) હેઠળના ઠરાવથી કરવામાં આવેલ અન્ય જોગવાઈ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(બચુભાઈ નાયી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
વિકાસ કમીશ્નરશ્રી, ગુ.રા. ગાંધીનગર
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા. ગાંધીનગર
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
સર્વે શાશનાધિકારીશ્રી, નગરપાલિકા/મહાનગરપાલિકા
નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગર
રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધી અર્થે
શિક્ષણ વિભાગની સર્વે શાખા/સિલેકટ ફાઈલ.